ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૭ ડીગ્રી
ભેજ
સવારે ૬૦ ટકા ● સાંજે ૨૭ ટકા

# શહેરમાં યોજાયો સાયકલોથોન

## સ્માર્ટ કીડસ અને ગાંધીનગર મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે યોજાયેલ સાયકલોથોનમાં ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર મહાનગરપાલિકાના સાથ અને સહકારથી સ્માર્ટ કીડસ નર્સરી સ્કૂલ દ્વારા સ્માર્ટ કીડસ સાયકલોથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેની થીમ કલીનસીટી ગ્રીનસીટી મુજબ ગાધીનગરમાં સ્વચ્છતા માટે અવેરનેસ કાર્યક્રમ કરી જાગૃતિ ફેલાવવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા, પૂર્વ મેયર રીટાબેન પટેલ, બાયસિકલ મેયર પીંકીબેન જહા, સાહિત્કાર ભાગ્યેશભાઈ જહા, ડૉ. કિરણબેન, જીએમસીના કોર્પોરેટર્સ અને સ્માર્ટ કીડસના સ્માર્ટ શિક્ષકોના સહયોગથી આ કાર્યક્રમ સફળ રહ્યો છે. આ તમામ મહાનુભાવો તથા સ્માર્ટ કીડસ નર્સરી સ્કૂલના ડાયરેકટર સ્નેહા પટેલ દ્વારા ફલેગ ઓફ કરી સાયકલોથોનનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ મેરેથોનમાં સરકારી બિનસરકારી મળીને લગભગ ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સાયકલોથોન સ્માર્ટ કીડસ નર્સરી સ્કૂલથી શરુ કરી સ્વર્ણિમ પાર્ક સુધી પહોંચી હતી. જેમાં ફન સાથેની આ રાઈડસમાં થીમબેઝ ડેકોરેશન અને સ્લોગન સાથેની સાઈકલ સાથે આ સાયકલોથોન રેલી આકર્ષણનું કેન્દ્ર બની હતી. સવારે ૮ કલાકે થીમ મુજબના વસ્ત્રો પહેરીને શહેરીજનો મોટી સંખ્યામાં આવ્યા હતા. નાના-નાના બાળકો આ સાયકલોથોનમાં આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. જેમાં તેમના માતા પિતા પણ સાથે રહીને નાના બાળકોને ઉત્સાહપૂર્વક સાયકલીંગ માટે પ્રોત્સાહન આપી રહ્યા હતા. આ સાયકલોથોનની કેટેગરીઝ પ્રમાણે તેઓને બેસ્ટ ડેકોરેટેડ સાઈકલ અને બેસ્ટ સ્લોગનના એવોર્ડસ મેયર હિતેષભાઈ મકવાણા તથા અન્ય મહાનુભાવો દ્વારા એવોર્ડસ આપી બિરદાવવામાં આવ્યા હતા. આ સાયકલોથોનમાં નાના બાળકોના ઉત્સાહમાં વધારો કરવા મીકીમાઉસ, ભીમ, ડોરેમોનના કાર્ટૂન પણ આ રેલીમાં જોડાયા હતા. કલીન સીટી... ગ્રીનસીટી, કચરાપેટીના અલગ ડબ્બાઓ, સ્વચ્છ ગાંધીનગર જેવા સ્લોગન દ્વારા સાયકલોથોન યોજીને ગાંધીનગરમાં જાગૃતિ અભિયાન કરવામાં આવ્યું હતું. બાળકોમાં નાનપણથી જ સ્વચ્છતા અંગે કેળવણી મળે રહે તે મહત્વનું કાર્ય શહેરમાં મહાનુભાવો કરી રહ્યા છે. જેમાં શહેરીજનો પણ મોટી સંખ્યામાં ભાગ લઈ રહ્યા છે.






## સે-૩-ડીમાં મહાશિવરાત્રી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન

ગાંધીનગર, તા.૨૭

બ્રહ્માકુમારીઝ, સેકટર-૩-ડી સેવાકેન્દ્ર દ્વારા હીરાજડિત ભવ્ય સોમનાથની ઝાંખી, સંગમયુગની ઝાંખી અને મહાપરિવર્તન વિડિયો શૉનું આયોજન કરવામાં આવ્યું છે જે તારીખ ૧ માર્ચે રામેશ્વર મંદિર, સેકટર-૩-ડીના પરિસરમાં કરવામાં આવ્યું છે. આ ઝાંખીના ઉદઘાટન પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે સોની સુભાષભાઈ રતિલાલ, ઈન્ફર્મેશન કમિશનર ગાંધીનગર, અતિથિ વિશેષ ડૉ.સુરેન્દ્ર દ્વિવેદી-એમ.ડી, ડૉ. વિપુલભાઈ ઠકકર, ડૉ. હર્ષદભાઈ ચૌધરી-આઈ સર્જન, શંકરભાઈ ચૌધરી- પૂર્વ નગરસેવક, વોર્ડ નં.૯ના નગરસેવક રાજુભાઈ પટેલ, શૈલાબેન ત્રિવેદી, અલ્પાબેન પટેલ, ડૉ. સંકેત પંચાસરા ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત અરૂણભાઈ ચૌધરી-નિવૃત્ત આઈએફએસ, વિક્રમભાઈ, એ.ડી. પટેલ તથા ટ્રસ્ટીગણ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ બાદ રાજયોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જે તારીખ ૨, ૩ અને ૪ માર્ચે કરવામાં આવ્યું છે. આ શિબિર સવારે ૮ થી ૯, બપોરે ૪ થી ૫ અને રાત્રે ૮ થી ૯ કલાકે યોજાશે. જેમાં સૌ કોઈ આ શિબિરનો લાભ લઈ શકશે.



શ્રી જલીયાણ સેવા ગ્રુપ, ગાંધીનગર દ્વારા સેકટર-૨૭ આંગણવાડીના બાળકોને બુંદી-ગાંઠિયા, બિસ્કીટ, ડ્રાયફ્રુટ કચોરી અને અન્ય નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. બાળકો ખૂબ જ આનંદિત બની ઉઠયા હતા.

## આજે સમર્પણ કોલેજ ખાતે ભગવત ગીતા પર પરિસંવાદ

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત સાહિત્ય અકાદમી, સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ગાંધીનગરના સંયુકત ઉપક્રમે સમર્પણ એજયુકેશન એન્ડ રીસર્ચ કેમ્પસ, સે-૨૮ ખાતે શ્રીમદ ભગવદ ગીતા પર પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. જે તારીખ ૨૮મીએ આયોજન કરવામાં આવ્યું છે. આ પરિસંવાદમાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરાના પૂર્વ ઉપકુલપતિ તથા અરવિંદ સોસાયટી વડોદરાના અધ્યક્ષ ડૉ. શરદભાઈ જોશી,રાષ્ટ્રપતિ દ્વારા પુરસ્કૃત સંસ્કૃત ભાષા સાહિત્યના વિદ્વાન ડૉ. વિજયભાઈ પંડયા, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુભાઈ પંડયા, ડૉ. જયેન્દ્રસિંહ જાદવ તથા ગાંધીનગર ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા અને ભરતસિંહ વાઘેલા ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત સંસ્કૃત ભાષા સાહિત્યના વિદ્વાન અધ્યાપકો ડૉ. યોગિનીબેન વ્યાસ, ડૉ. મયુરીબેન ડામોર, ડૉ. નિરંજનભાઈ પટેલ, ડૉ. રાકેશભાઈ પટેલ, ડૉ. ગોપાલભાઈ શર્મા, ડૉ. તુલજાશંકર શ્રીમાળી આ વિષય પર વકતવ્યો આપશે. આ પ્રસંગે આચાર્ય ડૉ. દીપક પંડયાના ગ્રંથ ‘સ્વાધ્યાય યજ્ઞ-૧’ અરવિંદ લિખિત ‘ગીતા નિબંધો’નું લોકાર્પણ કરવામાં આવશે. આ સાથે એનએસએસ અને એકસ્ટેન્શન કમિટી દ્વારા સમર્પણ એલ્યુમની એસોસીએશન, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી તથા યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટ ગાંધીનગરના સૌજન્યથી કોલેજ કેમ્પસ ખાતે નિઃશુલ્ક હેલ્થ મેડિકલ ચેકઅપ, થેલેસેમિયા ટેસ્ટ અને બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. સાહિત્ય તેમજ સેવાકીય પ્રવૃત્તિઓમાં રસ ધરાવતા નગરજનોને આ બંને ઉપક્રમમાં ભાગ લેવા કોલેજના આચાર્ય ડૉ. દીપકભાઈ પંડયાએ જણાવ્યું છે.

## પેથાપુર પ્રાથમિક શાળા-૧ માં રમતોત્સવ યોજાયો




ગાંધીનગર, તા.૨૭

પેથાપુર કુમાર-૧ પ્રાથમિક શાળામાં રમતોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાળકોનો ઉત્સાહ વધારવા શિક્ષકોએ પણ ઉત્સાહપૂર્વક કોથળા દોડ, લીંબુ ચમચી, સંગીત ખુરશી જેવી રમતોમાં ભાગ લીધો હતો.

## રાયસણમાં પંચેશ્વર મંદિર ખાતે મહાશિવરાત્રીની ભવ્ય ઉજવણીનું આયોજન



ગાંધીનગર, તા.૨૭

મહાશિવરાત્રીના પાવન પર્વ નિમિત્તે રાયસણમાં પંચેશ્વર મંદિર ખાતે મહાશિવરાત્રી મહોત્સવની ભવ્ય ઉજવણી માટેનું આગોતરું આયોજન કરવામાં આવ્યું છે. રાયસણના પંચેશ્વર મંદિરમાં આસ્થા અને આધ્યાત્મિકતાનો સુભગ સમન્વય રહેલો છે. મહાશિવરાત્રીના પાવન પર્વમાં સ્વયંભુ લોકમેળો યોજાશે. ગુજરાતનું પ્રથમ ગોકુળિયું ગામ એવા રાયસણ ગામમાં વૃંદાવન સોસાયટીની નજીકમાં જ નિર્માણ પામેલ પંચેશ્વર મંદિર નાગરિકોની આસ્થાનું કેન્દ્ર બન્યું છે. ગાંધીનગરના નાગરિકો શ્રધ્ધાપૂર્વક ધાર્મિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં ભાગ લે છે. પંચેશ્વવર મંદિરના સાંનિધ્યમાં મહાશિવરાત્રી મહોત્સવની ઉજવણી મંદિરની વ્યવસ્થાપક કમિટી દ્વારા આ વર્ષે કરવામાં આવી છે. જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભકતોને સહભાગી બનવા કમિટી દ્વારા જાહેર આમંત્રણ પાઠવ્યું હતું.

# શહેરીકરણની દોટ વચ્ચે પોતાના ગામને ‘નંદનવન’ બનાવતા જાગૃત યુવાનો

## ગાંધીનગર જિલ્લાના બાલવા ગામના યુવાનોએ શહેરની જેમ ડોર-ટુ-ડોર વેસ્ટ કલેકશનની સેવા શરૂ કરી : બાલવા યુથ ફાઉન્ડેશનના નેજા હેઠળ ગ્રામસફાઈથી માંડીને શિક્ષણ, આરોગ્ય, પર્યાવરણ અને વિકાસલક્ષી કાર્યો કરવા સાથે વેબસાઈટ પર હિસાબો મુકવા સુધીની યુવાનોની પ્રસંશનીય પારદર્શિતા




ગાંધીનગર, તા.૨૭

છેલ્લાં કેટલાક વર્ષોથી રાજયમાં એવી સ્થિતિ જોવા મળે છે જેમાં ગામડાં તુટતાં જાય છે, ગ્રામીણો શિક્ષણ તથા રોજગાર જેવી પાયાની જરૂરિયાતોથી માંડી આધુનિક સુવિધાઓ પામવાં શહેર તરફ સ્થળાતંર કરી રહ્યાં છે. જોકે અડધાથી પણ વધુ યુવા વસ્તી ધરાવતા આપણાં દેશનું ભવિષ્ય યુવાનોના જ હાથમાં છે અને જો યુવાનો રચનાત્મક અને સકારાત્મક દૃષ્ટિકોણ સાથે સમર્પિત ભાવે થોડો પ્રયાસ કરે તો ગામડાં પણ આધુનિક અને સુવિધાજનક બની શકે છે. ગાંધીનગર જિલ્લાના બાલવા ગામના યુવાનોએ સાથે મળીને પારદર્શિતા સાથે પ્રમાણિક પ્રયાસ કરીને સમગ્ર રાજયના ગામો માટે પ્રેરણારૂપ સાબિત થઈ શકે તેવો સ્વૈચ્છિક સંસ્થા સંચાલિત ડોર-ટુ-ડોર વેસ્ટ કલેકશન પ્રોજેકટ શરૂ કરી તેનું સફળતાપૂર્વક નિયમન કરી રહ્યાં છે. એટલું જ નહીં આ યુવાનોએ પોતાના ગામમાં આરોગ્ય, શિક્ષણ, પર્યાવરણ અને સેવાકીય ક્ષેત્રે પણ ગામ માટે લાંબા ગાળાના ફળદાયી પરિણામો મળે તેવા કાર્યો કર્યા છે.

કોરોના મહામારીએ સમગ્ર જનજીવન પર ઘણી અસરો કરી છે જે પૈકી કેટલીક અસરો સકારાત્મક પણ છે. બાલવા ગામમાં કોરોનાની પ્રથમ લહેર વખતે લાગુ પડેલાં લોકડાઉન દરમિયાન ધંધા રોજગાર બંધ થવાને કારણે મળેલી નવરાશના સમય દરમિયાન ગામના કેટલાંક યુવાનોએ શરૂ કરેલા નાના સેવા કાર્યોથી શરૂ કરેલી સેવાની સરવાણી આજે ગામની કાયાપલટ કરવાની દિશામાં વહેતી ધારા બની ચુકી છે. લોકડાઉન દરમિયાન ગામના મોટાભાગના પરિવારો ગામની સીમમાં ખેતરોમાં વસવાટ કરવા ચાલ્યા ગયા હતા.

આ દરમિયાન ગામના કેટલાંક યુવાનો રોજ રાત્રે મોડે સુધી સાથે બેસતાં હતા તે સમયે તેમને ગામના જરૂરિયાતમંદ અને વંચિત પરિવારોની ચિંતા થઈ જેના પગલે તેમણે આ પરિવારો શોધીને તેમને પેટનો ખાડો પૂરવા લોટ આપવાની સેવા શરૂ કરી જે પછીથી અનાજ કરિયાણાં-મસાલાં તેમજ ઘી-તેલ વગેરે સાથેની કીટના વિતરણ સાથે આગળ વધવા લાગી હતી. આ દરમિયાન યુવાનોએ નક્કી કર્યું કે હવે આપણે આપણાં ગામ માટે કંઈક કરવું છે પરંતુ તેમાં પારદર્શિતા હોવી જરૂરી છે જેના ફળ સ્વરૂપ તેમણે તા.૩૦ એપ્રિલ ૨૦૨૦ના રોજ ચર્ચા કરી અને બે જ દિવસ પછી તા.૧લી મે, ૨૦૨૦ના રોજ ગુજરાતના સ્થાપના દિવસે ‘બાલવા યુથ ફાઉન્ડેશન’ના નામથી સ્વૈચ્છિક સંસ્થાનું ગઠન કર્યું તેમજ તેનો લોગો બનાવી સેવા કાર્યો શરૂ કરવામાં પાયાની ભૂમિકા ભજવનાર આઠ યુવાનોના ટ્રસ્ટી પદ સાથે રજીસ્ટ્રેશન કરાવાયું જેમાં આશિક ચૌધરી, વિપુલ ચૌધરી, ગોવિંદ ચૌધરી, દીપક ચૌધરી, મહેશ ચૌધરી, ધવલ ઉર્ફે ધનરાજ ચૌધરી, પુનિત ચૌધરીનો સમાવેશ થાય છે. આ સમયે ગરમીના દિવસો હોવાથી અબોલ પક્ષીઓ માટે ૧૨૧ માટીના કુંડા લાવી તેને ગામના સ્મશાન અને વગડામાં જળસિંચનની વ્યવસ્થા સાથે લગાડયા હતાં. આ પછી શરૂ થયો તેમનો સૌથી મહત્વપૂર્ણ પ્રોજેકટ ડોર-ટુ-ડોર વેસ્ટ કલેકશનનો.

બાલવા યુથ ફાઉન્ડેશનના યુવાનોને કુદરતી રીતે સ્વચ્છતા ધરાવતા ખેતરોમાં વસવાટ દરમિયાન ગામના માર્ગો પરની અસ્વચ્છતા અને ગંદકી ઉડીને આંખે વળગી તેથી તેમણે ગ્રામ સફાઈના કાર્ય સાથે ગામમાં કચરાના યોગ્ય નિકાલ માટે એક સબળ વ્યવસ્થા ગોઠવવાનું વિચાર્યું. આઠ હજારથી વધુની વસ્તી ધરાવતા મોટા ગામમાં આ કપરું કાર્ય પાર પાડવા તેમણે ‘માઈક્રોડોનેશન’નો સહારો લઈ માત્ર દિવસના રૂ.૧ લેખે માસિક માત્ર રૂ. ૩૦નો, તે પણ સ્વૈચ્છિક ફાળો ગામમાં ઘર દીઠ માંગીને એક જુની લોડીંગ રીક્ષા ભાડે રાખી દરરોજ ઘરે ઘરેથી કચરો ઉઘરાવવાનું શરૂ કર્યું. આ કાર્યમાં ગામ લોકોને સમજાવીને તૈયાર કરવાથી માંડીને વારંવાર રીક્ષા ખોટકાઈ જવાથી વધી રહેલા રીપેરીંગ ખર્ચા વગેરે મુશ્કેલીઓ બાદ માત્ર એક જ માસમાં તેમણે રૂ. ૩ લાખના ખર્ચે નવી રીક્ષા ખરીદવાનો નિર્ણય કર્યો જો કે આ માટે ભંડોળ તો હતું નહી તેથી ગામના એક ભજન મંડળ પાસેથી રૂ. ૩ લાખ ઉછીના લઈ રીક્ષા ખરીદી જેનું ફેબ્રિકેશન જરૂરિયાત મુજબ જાતે કરાવ્યું તેમજ રીક્ષા પર એક હેલ્પલાઈન નંબર લખાવ્યો જેથી રીક્ષા મોડી આવે કે ના આવે તો ગ્રામજનો જાણ કરી શકે. આ પછી તો ગ્રામજનોનો સહકાર પણ મળવા લાગ્યો અને તેમણે ગામને ‘એ’ અને ‘બી’ એવા બે ઝોનમાં અનુક્રમે ૧૩ કીમી અને ૧૧ કિમીનો રૂટ બનાવી એક ડ્રાઈવર તથા એક સફાઈ કર્મીની નિમણુંક કરીને ડોર-ટુ-ડોર કચરો ઉઘરાવાનું શરૂ કરી દીધું. તેમના કાર્યથી પ્રભાવિત થઈને બાલવા ગ્રામ પંચાયતે પણ ગામની સીમમાં અવાવરું જગ્યા ડમ્પિંગ સાઈટ માટે જગ્યા ફાળવી આપી ત્યાંથી સંસ્થા દ્વારા કચરાનું સેગ્રિગેશન કરીને યોગ્ય નિકાલ કરવામાં આવે છે. આ કાર્યમાં તેમણે ગામ બહાર વિકેસલા કોમર્શિયલ વિસ્તારને પણ આવરી લીધો છે. અને જો કોઈને ખાનગીમાં આર્થિક સહકાર આપવો હોય તો રીક્ષા પર કયુઆરકોડ પણ છપાવી દીધો છે. બાલવા યુથ ફાઉન્ડેશનને ૮૦જી તેમજ ૧૨એએની નોંધણી કરાવી કોર્પોરેટ સીએસઆર માટેની માન્યતા પણ પ્રાપ્ત કરી જેના આધારે ગામની ગ્રાન્ટેડ હાઈસ્કૂલમાં એલઈડી લાઈટો નંખાવી તેમજ સરકારી પ્રાથમિક શાળાની વિજ્ઞાન પ્રયોગશાળામાં અત્યાધુનિક ટેલિસ્કોપ વસાવી આપ્યું.






ચોમાસા દરમિયાન ચોક અપ થતા રસ્તા કિલઅર કરાવી વરસાદી પાણીને તળાવમાં પહોંચવાનો રસ્તો કરી આપવા સાથે આધુનિક ફોગીંગ મશીન વસાવી નિયમિત ફોગીંગ દ્વારા ગામમાં મલેરિયાના કેસો લગભગ શૂન્ય કરી દીધાં. કોરોનાની બીજી લહેર દરમિયાન સાડા અગિયાર લાખ એકઠાં કરી ઓકિસજનના મોટા ૩૨સિલિન્ડરની ૨૪ કલાક રિફીલિંગ વ્યવસ્થા સાથે સેવા પુરી પાડી જેના પગલે બાલવા ગામમાં ઓકિસજનના અભાવે એક પણ મૃત્યુ થયું નથી. બાલવા સહિત આસપાસના ૧૦ ગામોમાં વિટામીન સી અને ઝીંકની દવાની ૧૬૦૦ બોટલ ટેબ્લેટનું વિતરણ કર્યું તેમજ નિરાધારોને જ્ઞાતિ-જાતિના ભેદભાવ વગર અનાજ કરિયાણાંની કીટ પુરી પાડી હતી. આ સાથે યુવાનોએ ગ્રામ પંચાયત પાસેથી પડતર જમીન મેળવી તેના પરથી નકામાં બાવળિયા દૂર કરી ૩૦૦ જેટલાં વિવિધ ઉપયોગી વૃક્ષો વાવી ‘બૃહદારણ્ય’ વિકસાવ્યું છે.

બાલવા યુથ ફાઉન્ડેશનને મળતી નાનામાં નાની રકમના દાનની રસીદ બને છે અને તેના તમામ હિસાબો સંસ્થાની વેબસાઈટ પર જાહેરમાં મુકી દેવાય છે. આ પારદર્શિતા સાથે મહાત્મા ગાંધીના સાધનશુધ્ધિના સંદેશને અનુસરતા યુવાનો નામ કે ફોટાથી દૂર રહે છે. તેઓ ગામની ૮૫ વિધવાઓને દર મહિને રૂ. ૫૦૦ લખે કુલ રૂ. ૪૨૫૦૦ની સહાય એક એનઆરઆઈ દાતાના સહયોગથી પહોંચાડે છે અને હવે ૨૪૦૦ વૃક્ષોનુ એક વન ઉભું કરવા ઉપરાંત ગામના પાણીના તળ ઉંચા લાવવાનું ભગીરથ કાર્ય હાથ ધરી રહ્યાં છે.

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com

## જન્મદિને વધામણી



કનૈયાલાલ પંડ્યા
કથાકાર
મો. ૯૪૨૮૨ ૧૭૫૫૭



આશા એમ. શર્મા
શિક્ષક, પેથાપુર કુમાર શાળા નં. ૨



જયદેવ પરમાર
મહામંત્રી, આદિજાતિ મોરચો, ગાંધીનગર



પ્રજાપતિ મિહિર નિકુલભાઈ



હર્ષદભાઈ એસ. પ્રજાપતિ
મો. ૯૯૦૯૯ ૦૪૨૪૧



ઘનશ્યામજી પી. રાઠોડ
મો. ૯૭૨૩૩ ૯૩૨૨૦



ભાટીયા ભવ્ય જીજ્ઞેશભાઈ
મો. ૮૫૧૧૮ ૮૮૬૭૭

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. ઠાકોર નરેશભાઈ ગાંડાજી, ઉ.વ. ૧૮, ખરણા
- સ્વ. વ્યાસ દેવ્યાની હરીલાલ, ઉ.વ. ૮૦, સેક્ટર-૨૨
- સ્વ. મોદી ભરતકુમાર દશરથલાલ, ઉ.વ. ૬૨, પેથાપુર
- સ્વ. મકવાણા કાન્તીજી પોપટજી, ઉ.વ. ૬૩, ધોળાકુવા